**તાપમાન**
મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૧૬, બુધવાર ; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ભીવન્ડી વિસ્તારમાં બહુમાળી ઇમારતમાં ભીષણ આગ લાગી
- મંદિર અગ્નિકાંડ : ડીએનએ મારફતે ઓળખવિધી કરાશે
- કેરળ અગ્નિકાંડ કેસ : ૧૩ની પોલીસ દ્વારા ધરપકડ કરાઈ
- પ્રત્યુષા આત્મહત્યા : રાહુલની ૧૮મી સુધી ધરપકડ નહીં થાય
- મોનસુની વરસાદ સરેરાશ કરતા વધુ રહેશે : આઈએમડી
- દુષ્કાળગ્રસ્ત લાતુરની મદદ કરવા કેજરીવાલની ઓફર
- તેજી અકબંધ : વધુ ૧૩૪ પોઇન્ટનો સુધારો નોંધાયો
- લોન ડિફોલ્ટ કેસમાં સુપ્રીમમાં તર્કદાર દલીલો કરવામાં આવી
- રોહિત વેમુલાના ભાઇને નોકરીની કેજરીવાલ સરકારની ઓફર

# લાતુર માટે પાણીની ટ્રેન પહોંચી

**મહારાષ્ટ્રના મરાઠવાડામાં છેલ્લા ૧૦૦ વર્ષથી સૌથી ભીષણ સ્થિતિ : ૧૧ મોટા બંધ પૈકી ૭ સંપૂર્ણ સુકાયા: ૩૪૨ કિલોમીટરની યાત્રા કરીને ટ્રેન લાતુર પહોંચતા લોકોને મોટી રાહત થઈ : હજુ પાણી પુરવઠો પહોંચાડાશે**



લાતુર,તા. ૧૨

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં છેલ્લા ૧૦૦ વર્ષની સૌથી ભીષણ દુષ્કાળની સ્થિતી હાલમાં સર્જાયેલી છે. હાલત ખુબ કફોડી બનેલી છે. અહીં ૧૧ મોટા બંધ પૈકી સાત સંપૂર્ણપણે સુકાઈ ગયા છે. પાંચ લાખની વસ્તી ધરાવનાર લાતુર શહેરની હાલત ખુબ કફોડી બનેલી છે. લાતુર છેલ્લા ૧૫ વર્ષમાં પાણીના સંકટ હેઠળ છે. લાતુર માટે આજે સવારે એક ખાસ ટ્રેન આશરે પાંચ લાખ લીટર પાણી લઈને પહોંચી ગઈ હતી. લાતુરમાં પાણી સ્ટોર કરવાની કામગીરી ચાલી રહી છે. આ ટ્રેનના ખાલી વેગન પહેલા રાજસ્થાનના કોટાથી મહારાષ્ટ્રના મિરાજ સુધી લગાવવામાં આવ્યા હતા. અહીં આ ડબ્બામાં પાણી પાણી ભરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ ટ્રેન ૩૪૨ કિલોમીટરની યાત્રા કરીને અંતે લાતુર પહોંચી ગઈ હતી. ટ્રેનને લાતુર પહોંચી જવામાં આશરે ૧૮ કલાકનો સમય લાગ્યો હતો. પાણીથી ભરેલા વેગનની સંખ્યા ૫૦ જેટલી છે. બે તબક્કાના પ્રથમ તબક્કામાં ૧૦ વેગન આજેસવારે ચાર વાગ્યા

● અનુસંધાન પાન-૭ પર

## એનઆઈટીની પરીક્ષામાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ નહી પહોંચતા ચિંતા




શ્રીનગર, તા.૧૨

શ્રીનગર એઆઈટીમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે નિર્ધારિત કાર્યક્રમ વચ્ચે સોમવારના દિવસે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ બીજા રાજ્યોના આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો ન હતો. આ વિદ્યાર્થીઓએ મોડેથી પરીક્ષા લેવાના અવસરનો લાભ ઉઠાવવાનો નિર્ણય કર્યો છે. એવુ જાણવા મળ્યુ છે કે એનઆઈટીના આશરે ૧૦૦૦ બહારના વિદ્યાર્થીઓ હાલના વિવાદ બાદ અહીંથી જતા રહેવા અને મોડેથી પરીક્ષા આપવાનો નિર્ણય કરી ચુક્યા છે. સંસ્થામાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૦૦ છે. દરમિયાન કોંગ્રેસે એનઆઈટીમાં અશાંતિ ફેલાવવાના મામલે ન્યાયિક તપાસની માંગ કરી છે. સ્થાનિક અને બીજા રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓ વચ્ચે ખેચતાણ અને મારામારી પાછળ કોઈ રાજકીય પક્ષ છે કે કેમ તે અંગે માહિતી મળે તે હેતુથી ન્યાયિક તપાસની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસના મહાસચિવ અંબિકા સોનીએ કહ્યુ છે કે અમારી પાર્ટી નિષ્પક્ષ અને સ્વતંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# કેરળના મંદિરોમાં આતશબાજી પર પ્રતિબંધ

**પુતિંગલ મંદિર અગ્નિકાંડ બાદ કેરળ હાઈકોર્ટનો આદેશ : બનાવમાં સીબીઆઈ તપાસનો આદેશ આપી શકાય છે કે કેમ તે અંગે રાજ્ય સરકારનો અભિપ્રાય માંગવામાં આવ્યો : ૩૦ લોકો લાપત્તા**

કોલ્લામ,તા. ૧૨

કેરળના કોલ્લામ જિલ્લામાં સ્થિત પુત્તિંગલ દેવી મંદિરમાં બનેલી આગની ભીષણ ઘટનાના દિવસો બાદ જ કેરળ હાઈકોર્ટે આજે અવાજ કરતા ફટાકડાની આતશબાજી ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. સવાર અને સાંજ વચ્ચે રાજ્યમાં પૂજાના તમામ સ્થળો ઉપર આતશબાજી કરી શકાશે નહીં. કેરળ હાઈકોર્ટે કઠોર આદેશ જારી કરતા કેટલીક સૂચનાઓ જારી કરી છે. મંદિરમાં આતશબાજી દરમિયાન અગ્નિકાંડનો બનાવ ફટાકડાના લીધે બન્યો હતો. ફટાકડાનો જંગી જથ્થો પણ સ્ટોર કરવામાં આવ્યો હતો. પરવાનગી ન હોવા છતાં આતશબાજી કરવામાં આવી હતી. કોલ્લામ મંદિર કાંડમાં સીબીઆઈને તપાસ સોંપવી જોઈએ કે કેમ તે અંગે રાજ્ય સરાકરનો અભિપ્રાય હાઈકોર્ટે માંગ્યો છે. મંદિર હોનારતમાં રાષ્ટ્રવિરોધી તત્વોનો હાથ છે કે કેમ તે અંગે કોઈ વિચારણા છે તે અંગે પણ સરકાર પાસેથી અભિપ્રાય માંગવામાં આવ્યો છે. કારણ કે આ વિસ્તાર દરિયાની બિલકુલ નજીક છે અને ઘુસણખોરી શક્ય છે. બનાવમાં દાજી ગયેલા લોકો હજુ કોલ્લામ સહિત રાજ્યોની અનેક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

આતશબાજીના ગાળા દરમિયાન મંદિર મેદાનમાં ૧૫૦૦૦ લોકો હતા. દરમિયાન અગ્નિકાંડના બનાવમાં દાજી ગયેલા લોકો પૈકી કેટલાકની હાલત હજુ ગંભીર જણાવવામાં આવી છે. મોતનો આંકડો હજુ સુધી ૧૧૨ ઉપર પહોંચી ચુક્યો છે. બીજી બાજુ ૩૦થી વધુ લોકો હજુ લાપત્તા છે. અત્રે નોંધનીય છે કે પરવુર સ્થિત પુત્તિંગલ દેવીના મંદિરમાં એક ઉત્સવ દરમિયાન વિનાશકારી આગ ફાટી નિકળી હતી.

મંદિર અગ્નિકાંડના આ બનાવમાં કુલ દાજી ગયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૪૫૦થી પણ વધારે છે. બીજીબાજુ રાજ્ય સરકાર અગ્નિકાંડના બનાવમાં મૃત્યુ પામેલાના પરિવારના સભ્યોને ૧૦ લાખ રૂપિયા આપશે જયારે ગંભીરરીતો ઘાયલ થયેલાઓને બે બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.


**જોઈએ છે**

**શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી**
ની નવી શાખા માટે તાત્કાલિક જરૂર છે. (ઉંચું પગાર ધોરણ)

૧. ટેકનીશીયન - અનુભવી, પ્રમાણિક, મહેનતુ (૨ વર્ષ અનુભવ)
૨. રીસેપ્શનીસ્ટ - કોમ્પ્યુટરના જાણકાર, ગ્રેજ્યુએટ
૩. એકાઉન્ટન્ટ - ટેલીના જાણકાર
૪. વિઝીટ બોય - ગ્રેજ્યુએટ, પ્રમાણિક, અનુભવી (બાઈક અને લાઈસન્સ સાથે) (વિઝીટ બોયને પગાર અને ફૂલ વિઝીટ ચાર્જ મળશે.)

તારીખ ૧૯/૪/૨૦૧૬ સુધીમાં બાયોડેટા સાથે સંપર્ક કરવો.
પ્લોટ નં. ૩૧૭, ઘ-૪, સેક્ટર-૧૬, ગાંધીનગર



accomplish **Your Dream** for **World Class Luxury** living

Visit 2 & 3 BHK Sample Flats

100% Loan Papers Available

विनायक Life style

2 • 3 • 4 BHK







Well Developed Terrace, CCTV Surveillance System, 24×7 Securities, Gaming Zone, Power Backup D.G. Set, Green Gym, Stage, Library & Water Bodies.

OFF GANDHINAGAR - KOBA H'WAY AT BHAIJI PURA CHOWKDI, PDPU - GNLU - Gift City (200 Ft H'way) RAYSAN, B/H. BUSINESS PARK Commercial Hub

Vikrant Purohit | 98255 06929 Jay Purohit | 98240 74454 Parth Purohit | 99130 02220






ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં.-૩ (સે-૧૦-એ, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૦) ના આપણા લોકપ્રિય, નમ્ર, કાર્યશીલ અને પ્રજાના આજ્ઞાંકિત ઉમેદવારો આપના આશીર્વાદ લઈ પ્રજાના સેવાકીય કાર્યોને ઝડપભેર આગળ વધારવા આપના દ્વારે આવી રહ્યા છે. તો આપના લોકલાડીલા કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને વિજયી બનાવશો.

| ક્રમ | ઉમેદવારનું નામ | ફોટો | નિશાન | મશીનનું બટન |
|---|---|---|---|---|
| ૨ | **નામદેવ કાવજીભાઈ વર્સાત** (પૂ. જોઈન્ટ સેક્રેટરી) કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા પ્લોટ નં. ૩૫૬/૨, સેક્ટર-૭-એ, ગાંધીનગર. M. 9898204244 | | | |
| ૩ | **પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ** (ક્વૉલિટી) B.COM. (રાયસણ, બિલ્ડર) પૂર્વ ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટિ, ગાંધીનગર મહાનગરપાલિકા ડિરેક્ટર, ગાંધીનગર નાગ.કો.ઓપ.બેંક (પૂર્વ ચેરમેન) પૂર્વ પ્રમુખ, વિશ્વકર્મા વેપારી મંડળ, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટ્રસ્ટી, ઉમિયા માતા સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર. રહે. ૩૫૭/૨, સેક્ટર-૨૨, ગાંધીનગર. M. 9426171394 | | | |
| ૫ | **ભાવનાબેન અશ્વિનકુમાર વ્યાસ** (કુકર) Sy. B.Com. ભાવના એડ એજન્સી, સેક્ટર-૧૧, ગાંધીનગર ધાર્મિક તેમજ સાંસ્કૃતક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ૨૪૪/એફ-૨, સુમન ડુપ્લેક્ષ, સેક્ટર-૨૨, ગાંધીનગર M. 98250 39049, અશ્વિન (કુકર), 98250 39024 | | | |
| ૮ | **રંજનબા અમરસિંહ રમલાવત** (લેકાવાડા) (અગ્રણી બિલ્ડર) સામાજીક તેમજ ધાર્મિક પ્રવૃતિઓમાં સક્રીય પ્લોટ નં. ૩૫૦, જી-૧, અક્ષરદીપ એપાર્ટમેન્ટ, સેક્ટર-૩૦, ગાંધીનગર. M. 9427359974 | | | |

આપનો કિંમતી મત નિશાન પંજા ઉપર આપી / અપાવી જ્વલંત વિજયી બનાવશો, તેવી નમ્ર અપેક્ષા...

નોંધ : દરેક મતદારે ૪(ચાર) મત આપવાના છે.

ચૂંટણી તા.૨૪-૪-૨૦૧૬, રવિવાર, સમય : સવારે ૮ થી ૫ કલાકે